Saturday
19.10.2024
✱Volume :9 ✱ Issue No.93
✱Email.:kamalamgujarat@gmail.com
✱www.kamalamgujarat.com
✱Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✱Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✱Page :04✱Rs. 00.25/- ✱Annual Rs. 90/-

સુદ્રઢ ઔદ્યોગિક અને લોજિસ્ટીકસ ઈન્ફ્રાસ્ટ્રકચરને પરિણામે ગુજરાત ભારતનું પેટ્રો કેપિટલ - પેટ્રો હબ બન્યુ છે - કેમિકલ્સ-પેટ્રોકેમિકલ્સની દેશની કુલ નિકાસના ૩૧ ટકા શેર સાથે ગુજરાત પ્રમુખ નિર્યાતકાર રાજ્ય: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કેન્દ્ર સરકારના કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર્સ મંત્રાલય તથા ડિપાર્ટમેન્ટ ઓફ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ દ્વારા મુંબઈમાં ત્રિદિવસીય ઈન્ડિયા કેમ-૨૦૨૪નું આયોજન

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતે કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ સેક્ટરમાં લીડીંગ સ્ટેટ તરીકે મેળવેલી ઉપલબ્ધિઓની પ્રભાવક પ્રસ્તુતિ કરી

કમલમ્,
મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, ગુજરાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં પાછલા બે દશકમાં કેમિકલ અને પેટ્રોકેમિકલ સેક્ટરમાં અભૂતપૂર્વ વિકાસ કર્યો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યુ કે, સુદ્રઢ ઔદ્યોગિક અને લોજિસ્ટીક્સ ઈન્ફ્રાસ્ટ્રકચરને પરિણામે ગુજરાત ભારતનું પેટ્રો કેપિટલ - પેટ્રો હબ બનીશક્યુ છે.

મુખ્યમંત્રીશ્રીએ ૨૦૨૩-૨૪ના વર્ષમાં દેશમાંથી કેમિકલ્સ-પેટ્રોકેમિકલ્સની કુલનિકાસના ૩૧ ટકા શેર સાથે ગુજરાત પ્રમુખ નિર્યાતકાર રાજ્યબન્યુ છે તેનો પણ વિશેષ ઉલ્લેખ કર્યો હતો. ભારત સરકારના કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર મંત્રાલય તથા ડિપાર્ટમેન્ટ ઓફ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ દ્વારા મુંબઈમાં ત્રિદિવસીય ઈન્ડિયા કેમ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યુ હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ આ દ્વિવાર્ષિક આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને પરિષદના ૧૩માં સંસ્કરણમાં સહભાગી થયા હતા. કેન્દ્રીય આરોગ્ય પરિવાર કલ્યાણ તથા કેમિકલ એન્ડ ફર્ટીલાઈઝર મંત્રીશ્રી જગત પ્રકાશ નડ્ડા, રાજ્યમંત્રી શ્રીમતીઅનુપ્રિયા પટેલ તેમજ મધ્યપ્રદેશ અને ઓડિશાના મુખ્યમંત્રીશ્રીઓ પણ ઈન્ડિયા કેમ-૨૦૨૪માં જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રપટેલે ગુજરાતે કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ સેક્ટરમાં લીડીંગ સ્ટેટ તરીકે મેળવેલી ઉપલબ્ધિઓની પ્રભાવક પ્રસ્તુતિ આ કોન્ફરન્સમાંકરી હતી. તેમણે કહ્યુ કે, વડાપ્રધાનશ્રીના વિઝનથી ગુજરાતમાં આકાર પામેલો દહેજ PCPIR વર્લ્ડ ક્લાસ ફેસેલિટીઝ સાથે કેમિકલ્સ-પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગો માટે સાનુકૂળ માહોલ સર્જનારો બન્યો છે. એટલું જ નહિ, ડાઈઝ અને ઈન્ટર મિડીયેટ્સના પ્રોડક્શનમાં ગુજરાત ૭૫ટકા જેટલું યોગદાન આપે છે. તેમજ બેઝિક કેમિકલથી લઈને સ્પેશ્યલાઈઝ્ડ કેમિકલ, પોલીમર, ફર્ટીલાઈઝર, ડાઈઝ અને પિગમેન્ટ્સ જેવા સેક્ટરમાં ગુજરાતે મહારથહાંસલ કરી છે એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ વર્ષની વાયબ્રન્ટ સમિટમાં કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ સેક્ટરમાં પાંચ લાખ ૩૪ હજાર કરોડના રોકાણો સાથેના ૩૨૫૬ પ્રોજેક્ટસ રાજ્યમાં આવ્યા છે. તેમણે વડાપ્રધાનશ્રીના વિઝન "મેઈક ઈન ઈન્ડિયા, મેઈડ ફોર ધવર્લ્ડ"ના મંત્રઅને પર્યાવરણની જાળવણી સાથે કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સસેક્ટરને આત્મનિર્ભર બનાવવામાં આ ઈન્ડિયા કેમ-૨૦૨૪ સમિટ ઉપયુક્ત બનશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. આ સમિટમાં ભારત સરકારના કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ વિભાગના સચિવશ્રી, વરિષ્ઠ અધિકારીઓ, ફિક્કીના નેશનલ કેમિકલકમિટીના ચેરમેનશ્રી દિપક મહેતા, ચેરમેન શ્રી પ્રભદાસ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનાશ્રી નિખીલ મેસવાણી સહિત કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ ઈન્ડસ્ટ્રી સેક્ટરના અગ્રણી ઉદ્યોગકારો પણ ઉપસ્થિત રહ્યાહતા.

કમલમ્,
સિદ્ધપુર નાગવાસણમાં ૧૪૦ વર્ષ જુની પાંજરાપોળ માં પશુઓની સંખ્યા વધતી હોવાથી ૧૦૦૦ પશુના સમાવેશ માટે નવિન શેડનું ખાતમુહુર્ત માન. કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબે કર્યું. આ નવિન શેડથી પાંજરાપોળની ક્ષમતામાં વધારો થશે, તેમજ ગૌધન સુરક્ષિત અને તંદુરસ્ત બનશે. શ્રી સિદ્ધપુર મહાજન પાંજરાપોળ દ્વારા ચલાવાતો જીવસેવાનો યજ્ઞ ખૂબ પ્રેરણાદાયી છે. ગૌ સેવા માટે અનુકંપા દાખવનાર પાંજરાપોળના સંચાલકોને અભિનંદન પાઠવ્યાં. ડો. શ્રી ગીરીશભાઈ શાહ - પ્રમુખ શ્રી સમસ્ત મહાજન, સભ્યશ્રી એનિમલ વેલ્ફેર બોર્ડ દિલ્હી, શ્રી જીતુભાઈ, શ્રી જયંતીભાઈ શાહ, શ્રી દિલીપભાઈ એસ. પંડ્યા, શ્રી ભાસ્કરભાઈ ઠાકર, શ્રી પ્રફુલભાઈ મહેતા, કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પ્રાંત અધિકારીશ્રી, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી મનીષભાઈ પ્રજાપતિ, શ્રી મનીષભાઈ આચાર્ય, શ્રી જયેશભાઈ પંડ્યા, શ્રી મુકેશભાઈ ચૌધરી, શ્રી શંભુભાઈ દેસાઈ, શ્રી હિતેશભાઈ પાટીલ, સરપંચશ્રી નાગવાસણ, જૈન સમાજના આગેવાનો, નાગવાસણ ગ્રામજનો અને જીવદયા પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,
માંડવી ખાતે માનનીય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ સાહેબ ના અધ્યક્ષ સ્થાને માંડવી તાલુકા પંચાયતની સામાન્ય સભા યોજાઈ જ્યાં પંચાયતના વિવિધ વિકાસના કામો ગુણવત્તા યુક્ત અને ઝડપથી પૂર્ણ થાય તે માટે સુચનો કર્યા.

કમલમ્,
યુવાનોને મનપસંદ રોજગારની તક મળે તેમજ નોકરીદાતાઓને કુશળ માનવબળ મળી રહે તે હેતુથી ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી ખાતે માન. કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો "રોજગાર ભરતી મેળો" યોજાયો. આ ભરતીમેળામાં અંદાજિત ૧૪૦૦ જેટલા પ્રાથમિક નિમણૂક પામેલા ઉમેદવારોને મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે રોજગાર નિમણૂકપત્રો એનાયત કરાયા હતા. માન. કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબે રોજગારી મેળવનારને શુભેચ્છા પાઠવી હતી અને નોકરી મળ્યા બાદ પોતાની ફરજ નિયમિત રીતે બજાવી દેશની ઉન્નતિમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. સ્કીલ ઇન્ડિયા, ડીજીટલ ઇન્ડિયા, મેઇક ઇન ઇન્ડિયા, મુદ્રા લોન વગેરે અનેકવિધ યોજનાઓ કેન્દ્ર સરકારે અમલી બનાવી છે, તેમજ ગુજરાત દેશનું મોટું ઇન્ડસ્ટ્રીયલ હબ છે, જેમાં દરેક વ્યક્તિને નોકરી મળવાની શક્યતાઓ રહેલી છે. આ પ્રસંગે કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પ્રાંત અધિકારીશ્રી, જિલ્લા રોજગાર અધિકારી, શ્રી જશુભાઈ પટેલ, શ્રી શંભુભાઈ દેસાઈ, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી જયેશભાઈ પંડ્યા, શ્રી જગદીશભાઈ પટેલ, શ્રી મનીષભાઈ આચાર્ય, બેનકિંગ, ઇન્સ્યોરન્સ, ટેકસટાઇલ, મેન્યુફેકચરિંગ, ફાર્માસ્યુટિકલ, ગારમેન્ટ સહિત અનેક ક્ષેત્રોના ૨૬ કંપનીના નોકરીદાતાઓ, અને ઉમેદવારો હાજર રહ્યા હતા.

સ્વામિનારાયણ સંપ્રદાય હમેંશા શિસ્ત અને સ્વચ્છતા અને શિક્ષણનો આગ્રહી રહ્યો છે. – શ્રી સી.આર.પાટીલ

નવાગામ, નવસારી ખાતે સાંસ્કૃતિક ગૌધામ નુ ઉદ્ઘાટન તેમજ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલજીની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયો.

ભાજપ ગુજરાતના નાનામા નાનો કાર્યકર્તા કે મુખ્યમંત્રી પણ સ્વામિનારાયણ મંદિરે દર્શન કરવા ગયા હશે અને સંતો સાથેના સંપર્કમા રહી સેવા કરવાના કામમા આગળ રહ્યા હશે. – શ્રી સી.આર.પાટીલ

કમલમ્,
કેન્દ્રીય જળશક્તિ મંત્રી તેમજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની પ્રેરક ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક ગૌધામ નુ ઉદ્ઘાટન તેમજ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમ નવાગામ, નવસારી ખાતે યોજાયો.આ કાર્યક્રમમાશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, સ્વામિનારાયણ સંપ્રદાય હમેંશા શિસ્તઅને સ્વચ્છતાઅને શિક્ષણનો આગ્રહી રહ્યો છે. આ સંસ્થા સૌરાષ્ટ્રમાં ઘણા વર્ષોથી દિવસના એક રૂપિયાના ખર્ચે બાળકોને શિક્ષણ મળે તેવી વ્યવસ્થા કરી છે તેનો અર્થએ છે કે સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો સેવાકીય ભાવ સાથેકામ કરતાહોય છે. આજ દિન સુધી ૧ લાખ ૯૫ હજારથી વધુ વિદ્યાર્થીઓએ આ સંસ્થા થકી શિક્ષણ મેળવ્યુછે. વિશ્વમાંકોઈ પણ મોટી સંસ્થાનો આવો રેકોર્ડ નહી હોય તેવો રેકોર્ડ અંહી સ્થાપવામા આવ્યો છે. આ સંસ્થામા બાળકોને શિક્ષણ જ નહી પણ સંસ્કારનુ સિંચન થાય તેનુ ધ્યાન રાખવામા આવે છે, જે વાલીઓ પોતાના બાળકોને સ્વામિનારાયણ ગુરુકુળમા અભ્યાસ અર્થે મુકે છે ત્યારે તેઓ નિશ્ચિત થાય છે કે તેમના બાળકો શિક્ષણ સાથે સંસ્કારીતાનાગુણ મેળવીએક સારો નાગરીકબની પરિવાર, ગામ અને દેશમાટે સારુકામ કરીશકશે તેવી આશા રાખતા હોય છે. શ્રી પાટીલજીએ વધુમા જણાવ્યું કે, ગૌ શાળા અને મંદિરનુ નિર્માણ સંતો દ્વારા ખૂબ ટુંકા સમયમા તૈયાર કરવામા આવ્યુ છે અને આ મંદિર નિર્માણ અંગે વિકસીત દેશોના આર્કિટેક કે એન્જિનયર આવે તો તેમને માનવામા ન આવે તે રીતે ઝડપી મંદિર તૈયાર કરાવ્યુ છે. આ મંદિરની ડિઝાઈન સંતોએ જ તૈયાર કરીછે તે બદલ તેમને અભિનંદન. દરેક વ્યકતીએ મંદિર જઈ દર્શન કરવા જ જોઈએ કારણ કે મંદિરે જવાથી ધર્મમા આસ્થા વધતી રહે છે જેનાથી નીતી-નીયમથી વ્યકિત આગળ વધી શકે છે. હું દાવા સાથે કહી શકુ છું કે ભાજપ ગુજરાતના દરેક નાનામા નાનો કાર્યકર્તા કે મુખ્યમંત્રી પણ સ્વામિનારાયણ મંદિરે દર્શન કરવા ગયા હશે અને સંતો સાથેના સંપર્કમા રહી સેવા કરવાનાકામમાં આગળરહ્યા હશે. આજ દિન સુધી સ્વામિનારાયણ સંપ્રદાય વિવિધ પ્રોજેક્ટો થકી જે કામ કરે છે તે ખૂબ પ્રસંશાને પાત્ર છે અને સમાજને સંગઠીક કરી સમાજને આગળ લઈ જવા મદદ કરે છે તે બદલ સંતોનો આભાર. શ્રી પાટીલજીએ વધુમાજણાવ્યું કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની કેચ ધ રેઈન યોજનામા ગુજરાત રાજ્ય મોડલ બને અને આપણે સૌ વરસાદી પાણી જમીનમા ઉતરે તે માટે વ્યવસ્થા કરવી જોઈએ. અત્યારસુધીમા ૮૦ હજારથી વધુ રેઈન વોટર હાર્વેસ્ટીંગના પ્રોજેક્ટ કરવાની ખાતરી આપી છે જેમા દસ હજાર વધુ કામો પુર્ણ થયાછે. જળ સંચય માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ જેટલી જાગૃતિ લાવ્યા છે તેટલી જાગૃતિ લાવવાનો પ્રયાસ પહેલાની કોઈ સરકારે પ્રયાસ કર્યો નથી. રેઈન વોટર હાર્વેસ્ટીંગ બોર થકી આપણે કેવા લાભ આપણને જ નહી પરંતુ આપણી ભાવી પેઢીને મળશે તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યુ. આ કાર્યક્રમમાં રાજ્ય નામંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયા, ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈ, નવસારી જીલ્લાના પ્રમુખશ્રી ભુરાભાઈ,શ્રી અશોકભાઈ સહિત સંતો અને આગેવાનો અને હરિભગતો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

જળ સંચય માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જેટલી જાગૃતિ લાવ્યા છે તેટલી જાગૃતિ લાવવાનો પ્રયાસ પહેલાની કોઇ સરકારે પ્રયાસ કર્યો નથી. -શ્રી સી.આર.પાટીલ

ગુજરાતમા અત્યાર સુધીમા ૮૦ હજારથી વધુ રેઇન વોટર હાર્વેસ્ટીંગ ના પ્રોજેક્ટ કરવાની ખાતરી મળી છે જેમા દસ હજાર વધુ કામો પુર્ણ થયા છે. – શ્રી સી.આર.પાટીલ

તંત્રી સ્થાનેથી......

ગુજરાતના ખેલાડીઓએ રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્યનું નામ રોશન કર્યું છે. એક સમય એવો હતો જ્યારે ગુજરાતીઓની ઓળખ વ્યાપારી તરીકેની હતી. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાજ્યમાં વર્ષ-૨૦૧૦માં ખેલ મહાકુંભની શરૂઆત કરવામાં આવી હતી. તેનો મુખ્ય આશય યુવાનોમાં રમતગમત પ્રત્યે વધુ જાગૃતિ આવે, શારિરીક તંદુરસ્તી જળવાઈ રહે અને ગુજરાતમાં રમતગમતની સંસ્કૃતિનો વિકાસ થાય તે હેતુથી ખેલમહાકુંભનું ગ્રામ્યકક્ષાથી રાજ્યકક્ષા સુધીની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેલમહાકુંભ માત્ર ખેલ પ્રતિભાશોધ માટે નહી પરંતુ સમગ્ર ગુજરાતના રમતના વિકાસનો આધાર સ્થંભ બની ગયો છે. ગુજરાતમાં વર્ષ -૨૦૧૦માં યોજાયેલ ખેલ મહાકુંભમાં ભાગ લેવા માટે ૧૬.૫૦ લાખ જેટલા રમતવીરોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જે ગત વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને ખેલ મહાકુંભ ૨.૦ માં રેકોર્ડ બ્રેક ૬૬ લાખથી વધુ પહોચ્યું છે. ગુજરાતમાં આજે છેલ્લા બે દાયકામાં ખેલકૂદ ક્ષેત્રે ગુજરાતના યુવાનો આગળ આવ્યા છે અને તેમની ક્ષમતામાં વધારો થયો છે. તેનો શ્રેય ગુજરાત સરકારના અથાક પ્રયાસોને જાય છે. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ખેલ મહાકુંભ, શક્તિદૂત યોજના, DLSS જેવી અનેક નવી પહેલો, કાર્યક્રમો અને નીતિઓ શરુ કરવામાં આવી હતી જેના હેઠળ એથ્લિટ્સને યોગ્ય તાલીમ, નાણાકીય સહાય અને માન્યતા પ્રદાન કરવામાં આવે છે. વર્ષ-૨૦૦૨ પહેલાં ગુજરાતનું સ્પોર્ટ્સ બજેટ માત્ર રૂ. ૨.૫ કરોડ હતું, જે આજે ૧૪૧ ગણું વધીને રૂ. ૩૫૨ કરોડથી વધુનું થયું છે. ખેલમહાકુંભનો મુખ્ય ઉદ્દેશ રાજ્યમાં ખેલકૂદનું વાતાવરણ ઊભુ થાય, રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં રહેતા પ્રતિભાશાળી ખેલાડીઓની ખોજ થાય તેમજ ખેલકૂદના માધ્યમથી સ્વાસ્થ્ય અંગેની બાળકોમાં વધુ જાગૃતિ આવે તે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રમોદીના રમત ગમત અંગે ખેલમહાકુંભના મુખ્ય ઉદ્દેશને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રમતગમત મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ ગુજરાતના ખૂણેખૂણે અંતરિયાળ વિસ્તાર સુધી પહોચાડી છે જેના પરિણામ સ્વરૂપે વર્ષ ૨૦૨૩-૨૪માં ખેલ મહાકુંભ ૨.૦ માં રેકોર્ડ બ્રેક ૬૬ લાખથી વધુ ગુજરાતના રમતવીરોએ ઉત્સાહપૂર્વક રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. વર્ષ – ૨૦૧૦માં ખેલ મહાકુંભમાં ૧૬ રમતો હતી જ્યારે ખેલ મહાકુંભ ૨.૦માં ૩૯ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેલ મહાકુંભ ૨.૦માં ગ્રામ્ય કક્ષાથી લઈને રાજ્ય કક્ષા સુધી દરેક વયજૂથમાં વિજેતા ખેલાડીઓને આપવામાં આવતી રોકડ-પુરસ્કારની રકમ સમાન રાખવામાં આવી. ખેલમહાકુંભ ૨.૦માં ચાર નવી રમતો સેપક ટકરાવ, વુડબોલ, બીચ હેન્ડબોલ અને બીચ વોલીબોલ જેવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ખેલમહાકુંભ અંતર્ગત અંડર-૯ અને અંડર-૧૧માંથી ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન કરી હાલ સુધીમાં ૪,૬૫૫ ભાઈઓ અને ૪,૫૩૫ બહેનો એમ મળીને કુલ ૯,૧૯૦ પ્રતિભાશાળી ખેલાડીઓને સરકારી ખર્ચે જિલ્લાકક્ષા સ્પોર્ટ્સ સ્કુલમાં પ્રવેશ (DLSS) આપવામાં આવ્યો. ખેલમહાકુંભ અંતર્ગત ગ્રામ્ય - તાલુકા- જિલ્લા- મહાનગરપાલિકા કક્ષા અને રાજ્યકક્ષાની રમતોમાં વિજેતા થયેલ તેમજ પ્રતિભાશાળી ખેલાડીઓ માટે સમર કોચીંગ કેમ્પનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવે છે. જેમાં વિનામૂલ્યે રમતને લગતુ પ્રશિક્ષણ ઉપરાંત કેમ્પ દરમ્યાન નિવાસ, પ્રવાસ અને ભોજન આપવામાં આવે છે. ખેલ મહાકુંભનાં માધ્યમથી ગુજરાતી રમતવીરો શ્રી ઈલાવેનીલ વાલરીવનએ શુટિંગ, શ્રી તસ્મિન મીરએ બેડમિન્ટન, શ્રી સરિતા ગાયકવાડએ એથલેટીક્સ, કુ. માના પટેલએ સ્વીમીંગ, શ્રી મુરલી ગાવિતએ એથલેટીક્સ, શ્રી અજીત કુમારે એથલેટીક્સ, કુ. ઝીલ દેસાઈએ ટેનીસ, શ્રીમોક્ષ દોશીએ ચેસ, શ્રીઅનિકેત પટેલ સોફ્ટ ટેનીસ, શ્રી દ્વીપ શાહ સ્કેટિંગ, શ્રી કલ્યાણી સક્સેના સ્વીમીંગ, શ્રી વિશ્વા વાસણવાલા ચેસ, કુ. સનોફર પઠાણ કુસ્તી, કુ. વૈદેહી ચૌધરી ટેનીસ તેમજ શ્રી માધવીન કામથ ટેનીસ રમતમાં મેડલો મેળવી ગુજરાત તથા દેશનું નામ આજે આંતરરાષ્ટ્રીય કક્ષાએ રોશન કર્યું છે.

સફાઈ કર્મચારીઓના રાષ્ટ્રીય આયોગના ઉપાધ્યક્ષ શ્રીમતિ અંજના પંવારે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સફાઈ કામદારોના પ્રશ્નોની સમીક્ષા કરી

શ્રીમતિ પંવારે રાજકોટ સિવિલ પરિસર, ઈમરજન્સી વિભાગની મુલાકાત લઈ સ્થિતિનો તાગ મેળવ્યો

કમલમ્,રાજકોટ

ભારત સરકારના સફાઈ કર્મચારીઓના રાષ્ટ્રીય આયોગના ઉપાધ્યક્ષ શ્રીમતિ અંજના પંવારે આજે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે હોસ્પિટલના સફાઈ કર્મચારીઓના પ્રશ્નો અંગે અધિકારીઓ, સફાઈ કર્મચારીઓ, એજન્સી સાથે બેઠક યોજી હતી. બાદમાં તેમણે રાજકોટ સિવિલ હોસ્પિટલ પરિસર તેમજ ઈમરજન્સી વિભાગની મુલાકાત લીધી હતી. આ સાથે સ્થળ પરના સફાઈકર્મચારીઓ સાથે વાત કરીને તેમને અપાતી સુવિધાઓ તથા સ્થિતિની સમીક્ષા કરી હતી. સિવિલ હોસ્પિટલ ખાતેની બેઠકમાં શ્રીમતિ પંવારે જણાવ્યું હતું કે, સફાઈ કર્મચારીઓનું રાષ્ટ્રીય આયોગ તમામ રાજ્યોમાં જઈને મેન્યુઅલ સ્કવેન્જર્સ, સફાઈ કર્મચારીઓ અને તેમના આશ્રિતોના આર્થિક, સામાજિક, શૈક્ષણિક પુનઃવસન તેમજ કલ્યાણની સ્થિતિની સમીક્ષા કરે છે. સમાજના છેવાડાના ગણાતા લોકોને મુખ્ય ધારામાં જોડવાના હેતુથી અધ્યયન કરીને સરકારી તંત્રને પગલાં લેવા નિર્દેશ કરે છે. આ સંદર્ભે આ બેઠક યોજવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, સ્વચ્છતા સૈનિકોને સન્માન આપવું એ આપણી સૌની નૈતિક ફરજ છે. શ્રીમતિ પંવારે હોસ્પિટલના સફાઈ કર્મચારીઓના પ્રશ્નો, તેમને અપાતી સુવિધાની સ્થિતિ જાણી હતી. તેમણે સફાઈ કર્મચારીઓની ભરતી, હેલ્થ ચેકઅપ, ઓળખપત્ર, યુનિફોર્મ, સેલેરી, મેડિકલ સુવિધા, ઈન્સ્યોરન્સ સહિતના પ્રશ્નોની મુદ્દાસર ચર્ચા કરી માહિતી મેળવી હતી. આ તકે તેમણે દરેક સફાઈ કર્મચારીઓનું વર્ષમાં બે વાર આખા શરીરનું મેડિકલ ચેક અપ કરવા, ઓળખપત્રમાં બ્લડ ગ્રુપ, પી.એફ., ઈ.એસ.આઈ.સી. નંબર લખવા, યુનિફોર્મ - રેઈન કોટ - સ્વેટર - શૂઝ નિયમિત આપવા વગેરે અંગે નિર્દેશ આપ્યા હતા. તેમણે અધિકારીઓ સાથે પણ બેઠક યોજીને સફાઈ કામદારોને લગતા પ્રશ્નોઅને વર્તમાનસ્થિતિની વિગતો જાણી હતી. આ બેઠકમાં રાજકોટના નિવાસીઅધિક કલેક્ટર શ્રી ચેતન ગાંધી, સિવિલ હોસ્પિટલના એડિશનલ મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. હેતલ કયાડા, અનુસૂચિત જાતિ કલ્યાણ નાયબ નિયામક સુશ્રી આનંદબા ખાચર, રાજકોટ સિવિલ હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડૉ. દૂસારા, લેબર ઓફિસર શ્રી અંકિત ચંદારાણા, સફાઈ કર્મચારીઓના વિવિધ યુનિયનના પ્રતિનિધિશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

જેતપુર નવાગઢ નગરપાલિકા દ્વારા આગળ વધતુ સ્વચ્છતા અભિયાન

કમલમ્,રાજકોટ

રાજકોટ જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ તા.૩૧ ઓક્ટોબર સુધી ચાલશે. આ અભિયાન હેઠળ વિવિધ વિભાગો દ્વારા જન ભાગીદારી સાથે સ્વચ્છતા લક્ષી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેતપુરનવાગઢ નગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન આગળ વધી રહ્યું છે. જન ભાગીદારી તથા વિવિધ સંસ્થાઓનો પણ આ અભિયાનમાં સહયોગ મળી રહ્યો છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સમગ્ર રાજકોટ જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાનને પ્રોત્સાહન મળી રહ્યું છે. જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. નવનાથ ગવ્હાણેના સીધા માર્ગદર્શનમાં સ્વચ્છતા અભિયાનને સફળ બનાવાઈ રહ્યું છે, ત્યારે જેતપુર નવાગઢ નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ માર્ગો, વિવિધ ગલીઓની સ્વચ્છતા હાથ ધરવામાં આવી હતી. આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હોવાથી ગંદકીની સાથે સાથે બીમારીઓ પણ ઓછી થાય છે, શહેરના રસ્તાઓ સ્વચ્છ સુંદર દેખાય છે. ત્યારે આગામી તા.૩૧ સુધી યોજાનાર આ અભિયાનમાં લોકોને જોડાવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી રહી છે.

રાજકોટ જિલ્લામા સરકારી ખરાબાની જમીન ઉપર ગેરકાયદે કરાયેલા બાંધકામો દૂર કરાવતું રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર

લોધિકા તાલુકાના વડવાજડી ગામની સરકારી ખરાબાની જમીન પરના અનધિકૃત આશ્રમની અંદાજિત રૂ. ૩ કરોડની કિંમતની ૩૦૦૦ ચોરસ મીટર જેટલી સરકારી જમીન ખાલી કરાવાઈ

કમલમ્,રાજકોટ

રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સરકારી ખરાબાની જમીન ઉપર ગેરકાયદે કરાયેલા બાંધકામોનું ડિમોલીશન કરીને જગ્યાઓ દબાણમુક્ત કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજ રોજ લોધીકા તાલુકાના વડવાજડી ગામે રેવન્યુ સર્વે નં-૩૨ની જગ્યાપર આશરે રૂ. ૩ કરોડની કિંમતની ૩૦૦૦ ચો.મી. સરકારી જગ્યામાં બનાવેલો આશ્રમનું શાંતિપૂર્વક ડિમોલીશન કરવામાં આવ્યું હતું. આ તકે લોધિકા મામલતદાર શ્રી ડી.એન.ભાડ એ જણાવ્યું હતું કે, આ જગ્યાના દબાણકર્તાઓને અગાઉ પણ નોટીસ પાઠવવામાં આવી હતી. અનધિકૃત કબ્જો ખાલી કરવા ૭ દિવસનો સમય આપવામાં આવ્યો હતો પરંતુ તેઓએ ધ્યાને ન લેતા ગેરકાયદે થયેલા બાંધકામોને ખાલી કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું છે. ખાલી કરાયેલી જમીન પર ફરી વાર દબાણ ન થાય તે માટે આ જમીનના ફરતે ફેન્સિંગ કરવામાં આવશે. ડિમોલીશન સમયે નાયબ મામલતદારશ્રી પી.બી.ત્રીવેદી, શ્રી એન.વી.ધ્રાંગીયા, શ્રી વાય એમ.ગોહિલ, અને શ્રીએન.વી.ગોહિલ, રેવન્યુ વીભાગના કર્મચારીઓ, પોલીસ, ફાયર અને પી.જી.વી.સી.એલના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સ્પેક કોમર્સ અને "યુટીએચ. એઆઈ. ઈક" વચ્ચે એમ.ઓ.યુ.નું આયોજન કરાયુ.

કમલમ્,

તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ(સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ કોમર્સ અને યુટીએચ. એઆઈ. ઈક વચ્ચે ટી.પી.ઓ. સેલ અંતર્ગત "એમ.ઓ.યુ." નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરદાર પટેલ કોલેજ ઓફ કોમર્સ તરફથી એમ.ઓ.યુ.ના પ્રતિનિધિ તરીકે સ્પેક સંસ્થાના સેક્રેટરી શ્રી શિતલ પટેલ સર અને યુટીએચ એઆઈ. ઈક તરફથી મિ. નીશ પટેલ (સીઈઓ અને ફાઉન્ડર) ઉપસ્થિત રહ્યા હતા. આ એમ.ઓ.યુ. નો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને એઆઈ-સંચાલિત ભાષા શીખવવાનું પ્લેટફોર્મ પૂરું પાડી ખાસ કરીને અંગ્રેજી ભાષાના કૌશલ્યોને સુધારવાનો, વ્યાવસાયિક વિકાસ અને તેમની કારકિર્દીમાં સફળ થાય અને વૈશ્વિકીકરણની દુનિયામાં અસરકારક રીતે વાતચીત કરવાની તેમની ક્ષમતામાં વધારો કરવાનો હતો. આ કાર્યક્રમનું સંચાલન કોલેજના તમામ અધ્યાપકોના સહયોગથી કરવામાં આવ્યું હતુ. આ સફળ કાર્યક્રમનું આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન શ્રી ગિરીશ પટેલ, સેક્રેટરી શ્રી શિતલ પટેલ તેમજ ટ્રસ્ટીશ્રીઓ જૈમિન પટેલ, ધર્મેશ પટેલ, વિકાસ પટેલ, બ્રિજેશ પટેલ અને ભાવિન પટેલ તથા ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. અભિનવ પટેલ, આઈ.ક્યુ.એ.સી કો-ઓડીનેટર ડૉ.મેહુલ મિસ્ત્રી દ્વારા સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

મોરબી કલેક્ટરશ્રી કે.બી. ઝવેરીની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન બેઠક યોજાઈ

સરકારી લેણાંની વસુલાત માટે કાયદાકીય જોગવાઈ હેઠળ ઝડપી અને અસરકારક કાર્યવાહી કરવા કડક સૂચના અપાઈ

કમલમ્,મોરબી

મોરબીમાં જિલ્લા કલેક્ટરશ્રી કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને જિલ્લાસંકલન સહ ફરીયાદ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા સંકલન સમિતિના ૬ પત્રકોની સમીક્ષા કરવામાં આવી હતી. સાંસદશ્રી અને ધારાસભ્યશ્રીઓ દ્વારા જનહિત માટે રજૂ કરવામાં આવેલા પ્રશ્નો અન્વયે કાર્યક્ષમ કામગીરી કરવા જિલ્લા કલેક્ટરશ્રીએ વહીવટી તંત્રના તમામ અધિકારીઓને કડક સૂચના આપી હતી. બેઠકની શરૂઆતમાં જ કલેક્ટરશ્રીએ જિલ્લાની તમામ કચેરીઓમાં ૧૦:૩૦ પહેલા તમામ અધિકારીઓ/કર્મચારીઓ હાજર થઈ જાય અને ૧૦:૩૦ સુધીમાં કચેરીની કામગીરી શરૂ થઈ જાય તથા સાંજે ૦૬:૧૦ સુધી કામગીરી શરૂ રાખી ૦૬:૧૦ પહેલા કોઈ પણ અધિકારી કે કર્મચારીઓ કચેરી ન છોડે તે માટે તમામ કચેરીઓના વડાઓને તકેદારી રાખવા ગંભીરતાપૂર્વક તાકીદ કરી હતી. જિલ્લા વહીવટી તંત્રના તમામ અધિકારીશ્રીઓને સરકારી લેણાંની વસુલાત માટે કાયદાકીય જોગવાઈ હેઠળ ઝડપી અને અસરકારક કાર્યવાહી કરવા કલેક્ટરશ્રીએ સૂચના આપી હતી. મોરબી જિલ્લાના ઔદ્યોગિક એકમો માટે પાણીની વ્યવસ્થા અંગે તેમણે પૃચ્છા કરી ઔદ્યોગિક પાણી જોડાણ અંગે યોગ્ય વ્યવસ્થા કરવા માટે તથા જિલ્લામાં મામલતદાર કચેરી સિવાય અન્ય તમામ ઉપલબ્ધ આધારકાર્ડની કીટનો લોકહિતાર્થે ઉપયોગ થાય તે માટે જરૂરી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા પણ તેમણે સૂચન કર્યા હતા. માળીયા તાલુકામાં વરસાદી સીઝનમાં સર્જાતી પરિસ્થિતિ નિવારવા સબંધિત વિભાગોને સોંપવામાં આવેલી કામગીરીની પ્રગતિની સમીક્ષા કરી હતી. કલેક્ટરશ્રીએ રેલવેના નાળા, ખીરઈ પાસે પાણી ઓવરલેપીંગ થાય છે તે સ્થળ, રાસંગપર પાસેનું નાળું તથા મીઠાના પાળા સહિત અંગેની કામગીરી ઝડપી કરવા સબંધિત વિભાગોને તાકીદ કરી હતી. બેઠકમાં રાજ્યસભાના સાંસદશ્રી કેસરીદેવસિંહજી ઝાલા, ટંકારા-પડધરી ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયા અને વાંકાનેર-કુવાડવા ધારાસભ્ય શ્રી જીતુભાઈ સોમાણી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી જે.એસ. પ્રજાપતિ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાહુલ ત્રિપાઠી, નિવાસી અધિક કલેક્ટરશ્રી એસ.જે. ખાચર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી એન.એસ. ગઢવી, પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, ચીફ ઓફીસર શ્રીઓ, વહીવટી તંત્રના વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભારત વિકાસ પરિષદ મહાવિજય શાખા, ડીસા દ્વારા હાલને સખી, ગરબે ઘૂમીએ ' દ્વી દિવસય ભાતીગળ ગરબા મહોત્સવ ૨૦૨૪ યોજાયો

કમલમ્,આનંદ ઠક્કર

શુભમ પાર્ટી પ્લોટ ડીસાખાતે તારીખ ૧૦ અને ૧૧ ઓક્ટોબર ૨૦૨૪ નારોજ ભારત વિકાસ પરિષદ મહાવિજય શાખા, ડીસા દ્વારા સતત પાંચમાં વર્ષે 'હાલ ને સખી ગરબે ઘુમીયે' ભાતીગળ ગરબા મહોત્સવ નુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસે થરાદ ભારત વિકાસ પરિષદની ટીમ અને કે.બી. દેસાઈ (પી.આઈ) દક્ષિણ પોલીસ સ્ટેશન ડીસા અને બીજા દિવસે ભરતભાઈ ઠક્કર, ટ્રસ્ટી ,ઉત્તર પ્રાંત ,કમલભાઈ ચંદારાણા ,ઉપપ્રમુખ ,ઉત્તર પ્રાંત ,ભારત વિકાસ પરિષદ જેઓ હાજર રહીને ભાતીગળ ગરબા ને માણ્યા હતા. સમગ્ર ડીસા પંથકમાંથી માનવ મહેરામણ ઉભરાયું હતું અને મોડી રાત સુધી સૌ શિસ્તબદ્ધ ગરબામાં ઝૂમ્યા હતા .શાખા ની મહિલા પાંખ દ્વારા માંડવી, માટીના ગરબા અને ભાતીગળ ગરબા દ્વારા માતાજીના ગુણ ગાન ગાવામાં આવ્યા હતા. ડિસન્ટ ઓરકેસ્ટ્રા, પાટણ દ્વારા દ્વિ દિવસીય ગરબા મહોત્સવમાં સૌને જુદા જુદા ભાતીગળ ગરબા દ્વારા મોડી રાત સુધી ગરબે રમાડ્યા હતા. આ ગરબા મહોત્સવમાં પ્રવીણભાઈ માળી ,ધારાસભ્ય ડીસા અને દિનેશભાઈ અનાવાડીયા,(પૂર્વ સાંસદ) સહયોગી દાતાશ્રીઓ, મહેમાન શ્રીઓને શિલ્ડ, મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા .પ્રોજેક્ટ ચેરમેન ડૉ.જગદીશભાઈ ઠક્કરને દિનેશભાઈ ઠક્કર (પ્રમુખ), પ્રવીણભાઈ સાધુ (મંત્રી), અમૃતલાલ પઢિયાર (ટ્રસ્ટી) , રમેશભાઈ શાહ ખજાનચી) દક્ષાબેન જોશી સંયોજીકા, દિલીપભાઈ ઠક્કર વકીલ ,(કોર કમિટી), સુરેશભાઈ ઠક્કર (વકીલ) , કરસનભાઈ ખત્રી, કમલેશભાઈ રાચ્છ,દિનેશભાઈ ચોક્સી, નિલેશભાઈ સોની, તારાચંદભાઈ ઠક્કર, દિલીપભાઈ રતાણી, આનંદભાઈ ઠક્કર (લોહાણા ન્યુઝ),કલ્પેશભાઈ ઠક્કર ,રામ્સા જાગીડ ,નરેશભાઈ ઉડેચા, પ્રમોદભાઈ ઠક્કર દીપકભાઈ ગોવા ,હિતેશભાઈ ઠક્કર ,ચકાભાઈ કંસારા, અશોકભાઈ વકીલ, શૈલેષભાઈ મહેસુરીયા, રીગ્નેશભાઈ વાર્ડે, મહેશભાઈ રાઠોડ નયનાબેન પંચાલ, મિતલબેન ઠક્કરઆશાબેન ઠક્કર ,મીનાક્ષીબેન ડી ,ઠક્કર, મધુબેન સાધુ ,અનિતાબેન જાની, અંકિતાબેન જોશી, પૂજાબેન ઠક્કર ,બીનાબેન ઠક્કર, ફાલ્ગુનીબેન ચોકસી, પ્રિયંકાબેન ઠક્કર ,સપનાબેન અગ્રવાલ, ઈન્દુબેન જાગીડ ,ચંદાબેન ખત્રી નીલમબેન વકીલ, રંજનબેન ઠક્કર અને ચેતનાબેન કાનાબાર દ્વારા સન્માનપત્ર આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું..

સફાઈ કર્મચારીઓના રાષ્ટ્રીય આયોગના ઉપાધ્યક્ષ શ્રીમતિ અંજના પંવારે રાજકોટમાં સફાઈ કામદારોના પ્રશ્નોની સમીક્ષા કરી

સફાઈ કર્મચારીઓના વિવિધ પ્રશ્નો ઉકેલીને તેમને રાહત - સુવિધા આપવા નિર્દેશ આપ્યા

સ્વચ્છતા સૈનિકોને સન્માન આપવું એ આપણી સૌની નૈતિક ફરજઃ શ્રીમતિ અંજના પંવાર

કમલમ્,રાજકોટ

ભારત સરકારના સફાઈ કર્મચારીઓના રાષ્ટ્રીય આયોગના ઉપાધ્યક્ષ શ્રીમતિ અંજના પંવાર આજે રાજકોટના પ્રવાસે આવ્યા હતા.તેમણે જિલ્લા કલેક્ટર ક્ચેરી ખાતે રાજકોટ મહાનગર તેમજ જિલ્લાના સફાઈ કર્મચારીઓના પ્રશ્નો અંગે સંબંધિત વિભાગના અધિકારીઓ, સફાઈ કર્મચારી યુનિયનો, સંગઠનો, રાજકીય-સામાજિક અગ્રણીઓ, સફાઈ કર્મચારીઓ સાથે વિસ્તૃત બેઠક યોજી હતી. આ બેઠકના પ્રારંભે સફાઈ કર્મચારીઓના રાષ્ટ્રીય આયોગના ઉપાધ્યક્ષ શ્રીમતિ અંજના પંવારનું રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોશીએ રાજકોટ જિલ્લાની વિશેષ આર્ટવર્કની કૃતિ આપી સ્વાગત કર્યું હતું. બેઠકમાં શ્રીમતિ પંવારે જણાવ્યું હતું કે, સફાઈ કર્મચારીઓનું રાષ્ટ્રીય આયોગ તમામ રાજ્યોમાં જઈને સફાઈ કર્મચારીઓના આર્થિક, સામાજિક, શૈક્ષણિક પુનઃવસન તેમજ કલ્યાણની સ્થિતિની સમીક્ષા કરે છે. સમાજના છેવાડાના ગણાતા લોકોને મુખ્ય ધારામાં જોડવાના હેતુથી અધ્યયન કરીને સરકારી તંત્રને પગલાં લેવા નિર્દેશ કરે છે. આ સંદર્ભે આ બેઠક યોજવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પદ સાંભળ્યા પછી સ્વચ્છ ભારત મિશનની શરૂઆત કરાવી હતી. આ મિશન સીધું સફાઈ કર્મચારીઓ સાથે જોડાયેલું છે. વડાપ્રધાનશ્રીએ બનારસ કોરિડોરના ઉદઘાટન વખતે સફાઈ કર્મચારીઓ સાથે ભોજન કરીને તેમને ઉચ્ચ સન્માન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, કોરોના વખતે સફાઈ કર્મચારીઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી. આવા સ્વચ્છતા સૈનિકોને સન્માન આપવું એ આપણી સૌની નૈતિક ફરજ છે.

શ્રીમતિ પંવારે આ તકે રાજકોટ મહાનગર તથા જિલ્લાની નગર પાલિકાઓમાં સફાઈ કર્મચારીઓ માટે તંત્ર દ્વારા લેવાયેલા પગલાંની સ્થિતિ જાણી હતી. ઉપરાંત તેમણે સફાઈ કર્મચારીઓની ભરતી, હેલ્થ ચેકઅપ, ઓળખપત્ર, યુનિફોર્મ, સેલેરી, પેન્શન કેસ તથા હક હિસ્સાની સ્થિતિ, વારસદારને નોકરી, રાજીનામા મંજૂર, મેડિકલ સુવિધા સહિતના પ્રશ્નોની મુદ્દાસર ચર્ચા કરી માહિતી મેળવી હતી. આ તકે તેમણે દરેક સફાઈ કર્મચારીઓનું વર્ષમાં બે વાર આખા શરીરનું મેડિકલ ચેક અપ કરવા, કાયમી તથા કોન્ટ્રાક્ટ પરના તમામ સફાઈ કર્મચારીઓને ઓળખપત્ર આપવા, ઓળખપત્રમાં બ્લડ ગ્રુપ, પી.એફ.,ઈ.એસ.આઈ.સી. નંબર લખવા, યુનિફોર્મ - રેઈન કોટ - સ્વેટર - શૂઝ નિયમિત આપવા, મહિનાના પહેલા સપ્તાહમાં સેલરી જમા કરવા, પડતર પેન્શન કેસોનો નીતિમુજબ નિકાલ કરવા, મેડિકલ - સારવાર માટે ઉચિત સુવિધા આપવા ઉપાયો સૂચવી નિર્દેશ આપ્યા હતા. આ બેઠકમાં નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી જયપાલસિંહ રાઠોર, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. નવનાથ ગવ્હાણે, ડી.સી.પી. ઝોન -૨ શ્રી જગદીશ બંગરવા, નિવાસીઅધિક કલેક્ટર શ્રી ચેતન ગાંધી, અધિક કલેક્ટર સુશ્રી ઈલાબહેન ચૌહાણ, નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી હર્ષદ પટેલ,એ.સી.પી. શ્રીજે.બી. ગઢવી, અનુસૂચિત જાતિ કલ્યાણ નાયબ નિયામક સુશ્રી આનંદબા ખાચર, મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ, નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રીઓ, આરોગ્ય વિભાગ સહિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, સફાઈ કર્મચારીઓના વિવિધ યુનિયનના પ્રતિનિધિશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

હિંગોળગઢ ગામ પંચાયતની રૂ. ૧૪ લાખના ખર્ચે નવનિર્મિત કચેરીનું લોકાર્પણ કરતાં મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા

કમલમ્,રાજકોટ

ગુજરાત રાજયના જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં રાજકોટ જિલ્લાના વીંછિયા તાલુકાના હિંગોળગઢ ગામ ખાતે ગ્રામ પંચાયત કચેરીનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. કેબિનેટ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે હિંગોળગઢ રાજાશાહીના સમયથી પ્રખ્યાત રહ્યું છે. વર્તમાનમાં પણ અનેક પ્રાથમિક સુવિધાથી આ ગામ સંપન્ન છે. ત્યારે ગામમાં આધુનિક સુવિધાયુક્ત ગ્રામ પંચાયતનું લોકાર્પણ થતાં જાણે ઘરઆંગણે નાનું સચિવાલય મળ્યું છે. આથી, ગામલોકોને તાલુકા પંચાયત અને મામલતદાર કચેરીઓ સુધી જવું નહીં પડે, જે ખુશીની વાત છે. તેમણે ઉમેર્યું હતું કે, આ ગામમાં જનભાગીદારીથી થોડા સમય અગાઉ દવાખાના, ભગવાન રામજીનું મંદિર, પાદર, તળાવ સહિતના વિકાસ કામો થઈ રહ્યાં છે. વીંછિયા આઈ.ટી.આઈ. માં વિવિધ વ્યવસાયલક્ષી કોર્ષથી રોજગારીની તકો વધી છે. આમ, વિંછીયા-જસદણ પંથકમાં વિકાસ કામો વધારેમાં વધારે થઈ શકે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. મામલતદારશ્રી આર. કે. પંચાલે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિકસિત ભારતના નિર્માણ માટે અનેક યોજનાઓ લોકોના વિકાસ માટે અમલી બનાવાઈ છે. સરકાર દ્વારા બાળકના જન્મથી લઈને તેના દરેક તબક્કે એના વિકાસ માટે યોજનાઓ કાર્યરત કરી ચિંતા કરવામાં આવી રહી છે. ત્યારે ગ્રામજનો પણ વિકસિત ભારત બનાવવામાં યોગદાન આપે અને અનેક યોજનાઓનો લાભ લે, તેમ તેમણે ઉમેર્યું હતું. આ કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રગટાવીને કરાયો હતો. મંત્રીશ્રીનું અભિવાદન પુષ્પગુચ્છથી કરાયું હતું. મંત્રીશ્રીએ ગ્રામ પંચાયત કચેરીની મુલાકાત લઈને આવશ્યક સૂચનો આપ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અંદાજે રૂ. ૧૪ લાખના ખર્ચે ૧૫માં નાણાપંચની ગ્રાન્ટ અન્વયે હિંગોળગઢ ગ્રામ પંચાયતઘરનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં તલાટી કમ મંત્રી, સરપંચ તેમજ જનસેવા કેન્દ્ર માટે ત્રણ અલાયદા રૂમ, સ્ટોર રૂમ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખશ્રી દેવરાજભાઈ ગઢાદરા, તાલુકા વિકાસ અધિકારીશ્રી પી. જે. પરમાર, હિંગોળગઢના સરપંચશ્રી ભરતભાઈ હતવાણી, ઉપસરપંચશ્રી મનુભાઈ મકવાણા, ખડકાણાના સરપંચશ્રી મગનભાઈ તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,ભુજ,

''સ્વચ્છતાહી સેવા'' અભિયાન અંતર્ગત જન જન સુધી સ્વચ્છતા અંગે જાગૃતિ આવે તે માટે કચ્છ જિલ્લામાં વિવિધ પ્રવૃતિ સાથે સફાઈ કામગીરી ચાલી રહી છે. ત્યારે ભુજ તથા ગાંધીધામ તાલુકા પંચાયત કચેરી ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા અમદાવાદ દ્વારા સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના અંતર્ગત ભુજ તથા ગાંધીધામ તાલુકાના સરપંચશ્રી અને તલાટીકમ મંત્રીશ્રીની રિફ્રેશર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

લીલા દુષ્કાળની પરિસ્થીતી સર્જાતા અન્નાદાતા ખેડુતોને સહાય ચુકવવા રજુઆત

ધારાસભ્ય કસવાલા દ્વારા રાજયના કૃષી મંત્રીને કરાઈ લેખીત અને મૌખીક રજુઆત

શીંગ, કઠોળ અને કપાસની તબાહી, અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વે કરાવી નિયમ મુજબની સહાય ચુકવવાની માંગણી કરતા શ્રી મહેશ કસવાલા

આંબરડી, થોરડી, દોલતી, આદસંગ, ગોરડકા, મેરીયાણા, છાપરી અને આસપાસના વિસ્તારમાં ભારે વરસાદ અને વાવાઝોડાથી થયેલ નુકશાનીની ઝડપથી સર્વે થવી જોઈએ : શ્રી કસવાલા

કમલમ્,

સાવરકુંડલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ કૃષીમંત્રી રાઘવજીભાઈ પટેલને રજુઆત કરી જણાવ્યુ હતુ કે, ૧૬/૧૦/૨૪ સાવરકુંડલા તાલુકાના આંબરડી, થોરડી, દોલતી, સાવરકુંડલા તાલુકામાં તાજેતરમાં ભારે અતિભારે વરસાદના કારણે ખેડૂતોના તૈયાર થયેલ પાક નિષ્ફળ ગયેલ છે ગત તા.૧૬-૧૦-૨૦૨૪ના રોજ સાવરકુંડલા તાલુકાના આંબરડી, થોરડી, દોલતી, આદસંગ, ગોરડકા, મેરીયાણા, છાપરી ઉપરાંત આજુબાજુ વિસ્તારમાં ખુબજ પવન સાથે અતિભારે વરસાદ પડવાના કારણે ખેડૂતોનો ખેતીનો પાક શીંગ, કઠોળ તેમજ કપાસના પાકને ખુબજ મોટા પ્રમાણમાં નુકશાન થયેલ છે અને લીલા દુષ્કાળની સર્જાયેલી છે જેથી ખેડૂતોને આર્થીક રીતે મદદરૂપ થઈ શકાય તે માટે થયેલ નુકશાનીનો તાત્કાલીક સર્વે કરાવી સરકારશ્રીના નિયમો મુજબ સહાય ચુકવવા માટે અનેક ખેડૂતો દ્વારા અમોને મૌખીક રજુઆત કરેલ છે. ઉપરોકત રજુઆત અન્વયે ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીઅને આર્થીક રીતે નુકશાન ન થાય તે માટે મારા વિધાનસભા મત વિસ્તારમાં ભારે વરસાદને કારણે તૈયાર થયેલ પાક નુકશાન થયેલ હોય જેનું સર્વે કરાવી તાત્કાલીક નિયમો મુજબની આર્થીક સહાય ચુકવવામાટે ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ કૃષી મંત્રીશ્રીને રજુઆતમાં જણાવ્યુ હતુ તેમ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ શ્રી જે.પી.હિરપરાએ અખબારીયાદીમાં જણાવ્યુ હતુ.

ધરમપુરના પીંડવળ ગામે વનદેવી કન્યા છાત્રાલયમાં વલસાડના પુસ્તક પરબ દ્વારા લાયબ્રેરી ઉભી કરાઈ

ધો. ૯ થી ૧૨ની વિદ્યાર્થિનીઓ અભ્યાસના પુસ્તકોની સાથે ઈતર વાંચન પણ કરી શકે તે માટે ૧૫૧ પુસ્તકો અપાયા

કમલમ્,વલસાડ

વલસાડના લોકોના પુસ્તક વાંચન રસને પોષવા માટે પુસ્તક પરબ દર મહિનાના પ્રથમ રવિવારે બે જાહેર સ્થળો પર યોજાઈ રહી છે. વલસાડ પુસ્તક પરબ દ્વારા ધરમપુરના અંતરિયાળ વિસ્તારના પીંડવળ ગામે આવેલી વનદેવી કન્યા છાત્રાલયમાં એક લાયબ્રેરી ઉભી કરી આપવામાં આવી છે. ધો. ૯ થી ૧૨ સુધીની વિદ્યાર્થિનીઓ અભ્યાસના પુસ્તકો સાથે ઈતર વાંચન કરે એવા શુભ આશય સાથે ૧૫૧ પુસ્તકો ભેટ સ્વરૂપે અપાયા છે. વલસાડ પુસ્તક પરબના પ્રણેતા પ્રા.ડૉ.આશા ગોહિલે છાત્રાલયમાં પુસ્તકાલય શરૂ કરવાના પ્રસંગે વિદ્યાર્થિનીઓને જણાવ્યું કે, પુસ્તક વાંચન જીવન ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે.

જીવનના દરેક તબક્કે પુસ્તક તમને સાથ આપશે, માર્ગ ચીંધશે. ઉજ્જવળ ભવિષ્ય માટે અભ્યાસક્રમના પુસ્તકો તો ખરાં જ પરંતુ દુનિયાની માહિતી આપતા અનેક વિષયના પુસ્તકોનું વાંચન પણ જરૂરી છે. પુસ્તક પરબના એડવોકેટ હાર્દિકભાઈ પટેલે વિદ્યાર્થિનીઓને પુસ્તકો વાંચી ઉચ્ચ કારકિર્દી માટે પ્રેરિત કર્યા હતા. વિવિધ પુસ્તકોના વધુ ને વધુ વાંચન થકી સમાજમાં તેમનું સ્તર કેવી રીતે ઉપર આવશે એ અંગે સમજ આપી હતી. આ પ્રસંગે વલસાડના સિનિયર પત્રકાર અપૂર્વ પારેખે પુસ્તકો આપણા જીવનને બદલે છે પુસ્તકોના વાંચનથી વિશ્વમાં ક્રાંતિ આવી છે. એવા અનેક ઉત્કૃષ્ટ ઉદાહરણ થકી એમની વાત કહી હતી. પુસ્તક પરબ ગ્રૂપના જયંતી મિસ્ત્રી, અર્ચના ચૌહાણ અને હિતેશ પટેલે વ્યવહારુ ઉદાહરણ થકી પુસ્તકો અને શિક્ષણનું મહત્વ ખૂબ સરસ રીતે સમજાવ્યું હતું. ધરમપુરના પીંડવળ ગામે ચાલતા આ આશ્રમમાં પુસ્તકાલય ઉભું કરવા માટે માતૃભૂમિ સેવાકેન્દ્ર અને ચેરિટેબલ ટ્રસ્ટના સભ્ય તેમજ પુસ્તક પરબના સભ્ય એવા જયંતિભાઈ મિસ્ત્રીએ વિચાર રજૂ કર્યો હતો. જેને પુસ્તક પરબ ગ્રૂપના સુનિતા ઢીંમર, દિલીપ દેસાઈ, ડૉ. વિલ્સન મેકવાન, જગદીશ આહીર તથા અન્ય સભ્યોએ સાકાર કર્યો હતો. વલસાડના માતૃભૂમિ સેવા કેન્દ્ર ટ્રસ્ટ દ્વારા પ્રેરિત આ સંસ્થાના પ્રમુખ રમેશભાઈ ફૂલેત્રાના સહકારથી આ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ગૃહમાતા પ્રિયંકાબેનની પણ મદદ મળી હતી. ઉલ્લેખનીય છે કે, વલસાડ પુસ્તક પરબ દ્વારા અગાઉ બોપીમાં પણ લાઈબ્રેરી શરૂ કરવામાં આવી હતી.

જસદણ-વીંછીયા વિસ્તારમાં હાલમાં દરેક ક્ષેત્રે વિકાસ કાર્યો થઈ રહ્યા છે : મંત્રીશ્રી બાવળીયા

મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે રૂ. ૭૫ લાખના ખર્ચે સ્ટેટ હાઇવેથી ભોંયરા ગામ સુધીના રોડનું ખાતમુહુર્ત કરાયું

કમલમ્,રાજકોટ

રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના ભોંયરા ગામ ખાતે રાજયના જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને સ્ટેટ હાઈવેથી ભોંયરા ગામ તરફ જતા રસ્તાના કામના ખાતમુહુર્તનો કાર્યક્રમ યોજાયો હતો. ઉલ્લેખનીય છે કે, માર્ગ અને મકાન વિભાગ અંતર્ગત કિસાન પથયોજના હેઠળ રૂ. ૭૫ લાખના ખર્ચે ૩ લેયરના ડામરવાળો ૨.૪૦ કિલોમીટર લંબાઈનો રોડનું નિર્માણ કરવામાં આવશે. મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, જસદણ-વિંછીયા વિસ્તારમાં હાલમાં દરેક ક્ષેત્રે વિકાસ કાર્યો થઈ રહ્યા છે. ભોંયરા ગામથી હાઈવે સુધી જવાનો રોડ આગામી છ માસમાં જ બનાવવામાં આવશે. અગાઉ પણ ભોંયરા ગામથી લાલાવદર માટે ટૂંકો રસ્તો બનાવવામાં આવ્યો હતો. આજે રોડના ખાતમુહૂર્ત સાથે ભોંયરા ગામથી ફૂલઝર ગામ જવા માટે અંદાજે ૭૦ લાખના ખર્ચે નવો સી.સી. રોડ પણ મંજૂર કરવામાં આવ્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે ગામમાં વ્યક્તિદીઠ ૧૦૦ લીટર પાણી મળી રહે તે માટે અલગ જૂથ યોજના મંજૂર કરવામાં આવી છે. વિંછીયા તાલુકાના કડુકા, લાલાવદર, ખડકાણા અને ભોંયરા ખાતે બનાવવામાં આવેલા તળાવો સુધી "મા નર્મદાના નીર" પહોંચાડવાનું કામ પણ હાલ પ્રગતિ હેઠળ છે. રાજ્ય સરકાર દ્વારા ગામના સર્વાંગી વિકાસ માટે રસ્તા, પાણી અને અન્ય વિશેષ સેવાઓ પૂરી પાડવામાં આવી છે. કાર્યક્રમમાં એ.પી.એમ.સી. વિંછીયાના ચેરમેનશ્રી કડવાભાઈ જોગરાજીયાએ કહ્યું હતું કે, મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના નેતૃત્વમાં જસદણ-વિંછીયા વિસ્તારમાં રસ્તા, આરોગ્ય, શિક્ષણ, રમતગમત દરેક ક્ષેત્રે આજે વિકાસ કાર્યો ચાલી રહ્યા છે. આ વિસ્તાર પહેલા પછાત વિસ્તાર કહેવાતો, જેમાં આજે સતત થતા વિકાસ કાર્યોથી આ વિસ્તાર વિકાસશીલ બન્યો છે. આ કાર્યક્રમના પ્રારંભે મંત્રીશ્રીનું સામૈયું કરી, પુષ્પગુચ્છ અને શાલ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન અગ્રણીશ્રી લાલભાઈ ગઢવીએ કર્યું હતું. આ પ્રસંગે મામલતદારશ્રી આર. કે. પંચાલ, તાલુકા વિકાસ અધિકારીશ્રી પી. જી. પરમાર, માર્ગ મકાન વિભાગના અધિકારીશ્રી તેજસભાઈ ચૌહાણ, ગામના સરપંચશ્રી ભરતભાઈ મકવાણા તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગોધરા દ્વારા ફુડસેફ્ટી એન્ડસ્ટાન્ડર્ડ એકટ હેઠળ પખવાડીયા દરમિયાન સઘન કામગીરી હાથ ધરાઈ

કમલમ્,પંચમહાલ

ખોરાક અને ઔષધનિયમન તંત્ર, ગોધરા દ્વારા પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ હેઠળ તા.૦૩/૧૦/૨૦૨૪ થી તા.૧૭/૧૦/૨૦૨૪ ના પખવાડીયા દરમિયાન સઘન કામગીરી કરવામાં આવી છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગોધરા દ્વારા હાથ ધરવામાં આવેલ કામગીરી અંતર્ગત ઉત્પાદક, હોલસેલર તથા રિટેલ વેપાર કરતા વેપારીઓ પાસેથી દુધ અને દુધની બનાવટો, ખાદ્યતેલ, બેકરી પ્રોડકટસ, મસાલા, ડ્રાયફ્રુટ્સ, ઘી, તૈયાર ખોરાક, ફરસાણ અને મીઠાઈના કુલ ૪૬ ફોર્મલ સેમ્પલ, ૯૧ સર્વેલન્સ તથા ૬૦ થી વધુ ઈન્સપેક્શન કરવામાં આવ્યા છે. વધુમાં કાલોલ તાલુકાના મધવાસ મુકામે મે. શ્રી હરી મસાલા ગોડાઉન ખાતેથી અંદાજે રૂ.૬૬૯૦૦/-ની કિંમતનો ૯૪.૩૫ કી.ગ્રા જેટલો વિવિધ મસાલાનો જથ્થો અને ગોધરા સ્ટેશન રોડ પર પોલીસ ચોકી નં. ૬ ની સામે આવેલ મે.એસ.એમ.ટ્રેડર્સ ખાતેથી શ્રી હરી બ્રાંડનો ૫૦૦ ગ્રામના કંપની પેક મીક્ષ ચવાણાનો અંદાજે રૂ.૧૫૧૬૨૦/- ની કિંમતનો ૧૨૬૩.૫ કી.ગ્રા જેટલો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે. લેવામાં આવેલા નમુનાના પરીણામ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગોધરાના ડેઝીગ્નેટેડ ઓફિસરએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

વધુમાં પાવાગઢ, બાલિસનોર અને સંતરામપુર ખાતે રજીસ્ટ્રેશન અને લાયસન્સ કેમ્પ યોજીને કુલ ૧૯૨ રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા છે. તેમજ ફુડ સેફ્ટી વાન દ્વારા ટેસ્ટીંગ તથા એફ.બી.ઓ. અને સ્કુલના બાળકોને ફુડ સેફ્ટીને લગતી વિવિધ બાબતોની જાણકારી આપવાના હેતુથી જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યા હોવાનું ખોરાક અને ઔષધનિયમન તંત્ર, ગોધરાના ડેઝીગ્નેટેડ ઓફિસરએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

નૂતન હોસ્પિટલ વિસનગર ખાતે સફળતાપૂર્ણ અત્યંત જટીલ સર્વાઈકલ સ્પાઈન સર્જરી કરાઈ

નૂતન હોસ્પિટલ વિસનગર ખાતે અત્યંત જટીલ સર્વાઈકલ સ્પાઇન સર્જરી સફળતાપૂર્ણ પૂર્ણ કરી દર્દીને નવજીવન બક્ષતા ખ્યાતનામ સ્પાઇન સર્જન ડૉ. જે.વી. મોદી.

કમલમ્,

ખાનગી હોસ્પિટલમાં અંદાજીત ૨.૦૦ લાખના ખર્ચે થતી સર્જરી સરકારી યોજના અંતર્ગત સંપૂર્ણપણે નિઃશુલ્ક કરવામાં આવી અડેરણ તા. દાંતાના વતની ૬૦ વર્ષીય પ્રવીણભાઈ બાબુલાલ મોદીને ૬ મહિના અગાઉ ચાલવાની તકલીફ થઈ ક્રમશ હાથપગના હલન-ચલનની ક્રિયા લગભગ બંધ થઈ ગઈ હતી. તકલીફ વધતા ચાલી ન શકાય, શર્ટના બટન બંધ ન કરી શકાય, હાથ જુઠો પડવો, જાતે જમી ન શકાય, પેશાબ તૂટક તૂટક થવો જેવી તકલીફ થઈ હતી. મહેસાણા, હિંમતનગર, પાલનપુર વિવિધ હોસ્પિટલમાં નિદાન અર્થે ગયા બાદ પણ સ્થિતિમાં સુધાર જોવા મળી રહ્યો ન હતો અને દિવસે દિવસે હાલત વધુ બગડતી જતી હતી. દોઢેક લાખ જેટલો ખર્ચો પણ થયો હતો. અંતે પ્રવીણભાઈને તા. ૦૬-૦૯-૨૪ ના રોજ નૂતન હોસ્પિટલ વિસનગરમાં સારવાર અર્થે વ્હીલચેરમાં લાવવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાતમાં વર્ષોથી ઈમરજન્સી સહિતની અધતન સારવાર માટે વિખ્યાત નૂતન જનરલ હોસ્પિટલના નિષ્ણાંત ઓર્થોપેડિક તબીબોની ટીમે દર્દીની તપાસ હાથ ધરી. નૂતન હોસ્પિટલના સ્પાઈન સર્જન અને અમદાવાદ સિવિલ હોસ્પિટલના પૂર્વ સુપ્રીટેન્ડન્ટ ડૉ. જે.વી.મોદી અને તેમની ટીમે સર્જરી થકી સર્જરી જ વિકલ્પ હોઈ તા. ૧૩-૦૯૨૪ ના રોજ પ્રવીણભાઈની સર્જરી હાથ ધરી. અમદાવાદ સિવિલમાં અનેક જરૂરિયાતમંદ અને પીડીત દર્દીઓની સફળ સ્પાઈન અને ઓર્થોપેડિક સર્જરી કરીને પોતાની તબીબી નિપૂણતાથી અગણ્ય દર્દીઓને નવજીવન આપનારા ડૉ. જે.વી. મોદીએ ફરી એક વખત પોતાની તબીબી નિપુણતા અને કોઠા સુઝના પરિણામે પેરાલિસીસ થઈ ગયેલ પ્રવીણભાઈની સર્જરી હાથ ધરીને તેને નવજીવન બક્ષ્યું છે. ડૉ. જે.વી.મોદીએ નૂતન હોસ્પિટલના ડૉ. ધ્વનિત દેસાઈ (સ્પાઈન સર્જન) તથા ઓર્થોપેડિક ડૉકટર્સ ટીમના સહયોગથી દર્દીના કરોડરજ્જુના ભાગમા ગંભીર તકલીફનું નિદાન કરીને લેટેસ્ટ મિઝોનિકસ ટેકનોલોજી સ્પાઈન સર્જરી હાથ ધરી. સફળ સર્જરીના પરિણામે આજે પ્રવીણભાઈ ના હાથ પગનું હલન-ચલન પૂર્વવત બન્યું છે અને પોતાની રોજીંદી ક્રિયાઓ પૂર્વવત કરી શકે છે. દર્દી સંપૂર્ણ સ્વસ્થ થતાં તા.

૧૮-૦૯-૨૪-ના રોજ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ખાનગી હોસ્પિટલમાં અંદાજીત ૨.૦૦ લાખના ખર્ચે થતુ ઓપરેશન નૂતન હોસ્પિટલમાં સરકારી યોજના હેઠળ સંપૂર્ણપણે વિના મૂલ્યે ઉપલબ્ધ બન્યું. પ્રવીણભાઈની શારિરીક સ્થિતિ પૂર્વવત બનતા તેમના પરિવારજનોએ સંસ્થાના પ્રેસિડેન્ટ શ્રીપ્રકાશભાઈ પટેલ અને ટ્રસ્ટીગણ સહિત સરકારનો હૃદય પૂર્વક આભાર માન્યો હતો.

પૂર બાદ વડોદરા શહેરમાં પડેલા ૧૫૩૨૬ ખાડાઓ પેચવર્ક થકી કરાયા દુરસ્ત

દૈનિક ૩૨ જેસીબી, ૫૯ નાના મોટા ડંપર, ૬૦ જેટલા ટ્રેકટરની મદદથી ૩૪૦ જેટલા લોકોની ટીમે કરી કામગીરી

કમલમ્,વડોદરા

ભયાનક પૂરની અસરથી વડોદરાને મુક્ત કરવાના પ્રયાસો આયોજનબદ્ધ રીતે, વિવિધ ક્ષેત્રોમાં એકસાથે થયાં. જેમાં રસ્તાઓના સમારકામ અને વિવિધ ટેકનીક્સ પ્રયોજીને ખાડા પૂરવાના કામોનો સમાવેશ થાય છે. પૂર બાદ શહેરમાં માર્ગો ઉપર પડેલા ૧૫૩૨૬ ખાડાઓને પેચવર્ક કરી દુરસ્ત કરવામાં આવ્યા છે. મ્યુનિસિપલ કમિશનર શ્રી દિલીપ રાણાએ જણાવ્યું કે, શહેરમાં મહાપાલિકા હસ્તક કુલ ૧૮૩૭ કિલોમીટરના માર્ગો છે. જેમાં ૧૮ મીટર કે તેનાથી વધુ પહોળાઈ ધરાવતા ૭૪૨ માર્ગો, તેનાથી ઓછી પહોળાઈ ધરાવતા ૧૦૯૫ રસ્તાઓ છે. ભારે વરસાદ અને તે બાદ આવેલા પૂરથી માર્ગોને નુકસાન થયું હતું.

રસ્તાઓને પૂર્વવત કરવા દિવસ અને રાત કરવામાં આવ્યું કામ

રસ્તાઓનું જરૂરી સમારકામ ઝડપથી કરવા દિવસ અને રાતની બે જુદી જુદી શિફ્ટમાં યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી અને રસ્તાઓને પૂર્વવત કરવામાં આવ્યા. પૂરના પાણી ઓસરી ગયા તે પછી તા.૩૦ ઓગસ્ટથી શરૂ કરવામાં આવેલી રસ્તાની દુરસ્તીની કામગીરી સતત ચાલુ રાખવા દરરોજ ૩૨ જેસીબી, ૪૦ ડંપર, ૧૯ નાના ડંપર (એફસી), ૬૦ જેટલા ટ્રેકટર અને ૩૪૦ જેટલા શ્રમિકોને કામે લગાડીને રસ્તાઓનું સમારકામ કરવામાં આવ્યું હતું. પાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓના સંકલનથી ખાડા પૂરવાની કામગીરી કરવામાં આવી અને શહેરના પૂર્વ વિસ્તારમાં આજવા રોડ, બાપોદ, સવાદ, વારસિયા રિંગ રોડ, ફતેપુરા, હરણી સહિતના વિસ્તારો, પશ્ચિમમાં ભાયલી, ગોરવા, ગોત્રી, વાસણા, તાંદલજા, બિલ, સેવાસી, ઉંડેરા સહિતના વિસ્તારો, ઉત્તરમાં દેણા, સમા, વેમાલી, નિઝામપુરા, પ્રતાપગંજ, છાણી અને દક્ષિણમાં માંજલપુર, મકરપુરા, તરસાલી, ધનિયાવી, વડદલા, વડસર અને કપુરાઈ સહિત લગભગ તમામ અસર પામેલા વિસ્તારોમાં રસ્તાઓને સુધારીને વાહન વ્યવહારને યોગ્ય એટલે કે મોટરેબલ કરવામાં આવ્યા છે. જેમાં પેવર બ્લોક, વેટ મિક્ષ અને હોટ મિક્ષ મટીરીયલ પાથરવા સહિત જરૂરી કામો કરવામાં આવ્યા છે.

રસ્તાઓના સમારકામની કામગીરીની એક ઝલક

આ રસ્તાઓને પૂર્વવત બનાવવા ૧૫૩૨૬ ખાડાઓને ૧૮૨૪૯ મેટ્રિક ટન સામગ્રીનો ઉપયોગ કરીને પૂરવામાં આવ્યા છે અને જરૂરિયાત મુજબ હોટ મિક્ષ, કોલ્ડ મિક્સ અને વેટ મિક્ષ એમ ત્રણેય પ્રકારના મટીરીયલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પૈકી ૧૧૫૧૮ ખાડાઓ પૂરવા ૧૫૦૯૨ મેટ્રિક ટન હોટ મિક્ષ સામગ્રી અને ૩૭૬૪ ખાડાઓ પૂરવા ૩૧૩૦ મેટ્રિક ટન વેટ મિક્ષ સામગ્રી અને ૪૪ ખાડાઓને ૨૭ મેટ્રિક ટન કોલ્ડ મિક્ષ સામગ્રીનો ઉપયોગ કરીને પૂરવામાં આવ્યા છે. બહુધા ચોમાસા દરમિયાન ખાડા પૂરવા માટે વેટ મિક્ષ સામગ્રી વાપરવામાં આવે છે. જો કે મજબૂતીની ખાતરી માટે વરસાદ અટકે ત્યારે હોટ મિક્ષ સામગ્રીનો ઉપયોગ કરીને એ ખાડાઓ પર પેચ વર્ક કરીને રસ્તાઓને વાહન વ્યવહાર યોગ્ય બનાવવામાં આવ્યા અને વડોદરા મહાનગર પાલિકાના હોટ મિક્ષ પ્લાન્ટમાં થી જરૂરી સામગ્રી મેળવવામાં આવી છે.

૬૦ કિલોમીટર ના ૪૭ રસ્તા રહ્યા અકબંધ

વડોદરા શહેરમાં છેલ્લા ત્રણ વર્ષમાં બનાવવામાં આવેલા ૬૦ કિલોમીટર લંબાઈના ૪૭ રસ્તા પૂરની પરિસ્થિતિમાં પણ લગભગ અકબંધ રહ્યા હતા. જ્યારે અન્ય રસ્તાઓ પર પડેલા ખાડાઓ પુરાવા મોટા પ્રમાણમાં હોટ મિક્ષ સામગ્રીની જરૂર પડી. જે કોર્પોરેશનના પોતાના પ્લાન્ટમાં બનાવવાની સાથે જરૂર પ્રમાણે ઈજારદારોના પ્લાન્ટમાંથી આ સામગ્રીનો જથ્થો મેળવીને કામ ચાલુ રાખવામાં આવ્યું હતું. રસ્તા પરના ખાડા ફક્ત વેટ મિક્ષ મટીરીયલથી પૂરવાથી કામ પૂરું થઈ જતું નથી. વરસાદ ફરી પડે ત્યારે આ મટીરીયલ હટી જાય છે. એટલે તાત્કાલિક ઉપાય તરીકે વેટ મિક્ષથી પૂરીને પછી હોટ મિક્ષ કામગીરીથી મોટા ખાડાઓની જગ્યાઓને ફિક્સ એટલે કે મજબૂત કરવામાં આવે છે. આ રીતે રસ્તા ખાડામુક્ત કરવામાં આવ્યા છે. મુખ્ય રસ્તાઓના સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે ત્રણ દિવસમાં પૂરી કરવામાં આવી અને તેની સાથે નવરાત્રી સમીપ હોવાથી ગરબા મેદાનોની આસપાસના રસ્તાઓને દુરસ્તીની આ કામગીરી હેઠળ આવરી લેવામાં આવ્યા. ઉપમાર્ગો એટલે કે બાય રોડના ખાડાઓનું સમારકામ એક અઠવાડિયામાં પૂરું કરવામાં આવ્યું હતું. મહાનગર પાલિકાએ રસ્તાઓના સમારકામ અને વાહન વ્યવહાર યોગ્ય કરવાની કામગીરીને અગ્રીમતા આપીને તમામ સાધન સામગ્રી અને માનવ બળનો વિનિયોગ કરીને શક્ય તેટલી ઝડપે કરી છે.

“શ્રેષ્ઠસમાજઅને રાષ્ટ્રના નિર્માણમાં ચરિત્રવાન યુવાન પ્રથમ જરૂરિયાત છે: શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોર

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા ખાતે યુવક મહોત્સવ “સ્પંદન – ૨૦૨૪” નો ઉદઘાટન સમારોહ યોજાયો

કમલમ્,પંચમહાલ

પંચમહાલજિલ્લાના ગોધરા તાલુકામાં આવેલ વિઠ્ઠોસ મુકામે સ્થિત શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના પાંચમા યુવક મહોત્સવ “સ્પંદન-૨૦૨૪”નો ઉદઘાટન સમારોહ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો. પ્રતાપસિંહ જી ચૌહાણની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારના શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોરના અધ્યક્ષપદે યોજાયો હતો આ પ્રસંગે શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોર એ પ્રાસંગિક ઉદબોધન માં શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી માં યોજાયેલ યુવક મહોત્સવમાં ભાગ લેનાર ૧૫૦૦ થી વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવતા જણાવ્યુ હતુ કે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની શરૂઆત થઈ ત્યાંથી લઈને અત્યાર સુધીમાં યુનિવર્સિટીએ ખૂબજ ઓછા સમયમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. આજે ૩૦૦ થી વધુ કોલેજોના ૧.૫ લાખ કરતાપણ વધુ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી યુનિવર્સિટીના તમામ વ્યવસ્થાઓને હું અનુરોધ કરું છું કે આપણી અંદરની સકારાત્મકતાનેબળવાન બનાવીને રાષ્ટ્રનિર્માણના કાર્યમાં લગાવીએ અને વડાપ્રધાનશ્રીના વિકસીત ગુજરાતથી વિકસીત ભારતના સંકલ્પને સાકાર કરવામાં સહભાગી બનીએ. મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે શ્રેષ્ઠ શિક્ષણ થી શ્રેષ્ઠ ચરિત્ર નિર્માણ કરી શકાય છે. સારા ચરિત્રના નિર્માણમાંથીજ જીવન વીતી જાય છે તથી યુવાનોએ પોતાના શ્રેષ્ઠ ચરિત્રના નિર્માણ માં ધ્યાન કેંદ્રિત

કરવું જોઈએ કારણ કે શ્રેષ્ઠ સમાજ અને શ્રેષ્ઠ રાષ્ટ્રના નિર્માણમાં ચરિત્રવાન યુવાન પ્રથમ જરૂરિયાત છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતુ કે વડાપ્રધાનશ્રી એ ભારતને મેકોલેની વર્ષો જૂની શિક્ષણ પદ્ધતિમાંથી મુક્ત કરીને આપણી સંસ્કૃતિ અને મૂલ્યોને સમાવી લેતી નવીશિક્ષણ નીતી આપવાનું જે કાર્ય કર્યું છે તેનાથી યુવાનોને પોતાની આંગવી કામતા અને કુશળતા પુરવાર કરવાની તમામ તકો મળી શકશે. આ વેળાએ મોરવા(હ)ના ધારાસભ્યશ્રી નિમિષાબેન સુથારે જણાવ્યુ હતુ કે યુવક મહોત્સવ એ વિદ્યાર્થીઓની અંદર રહેલી આવડત, સર્જનાત્મકતા, કળા અને છૂપાયેલી કૌશલ્યતાનું બહાર લાવવાનું કામ કરે છે. યુવક મહોત્સવ યુવાઓને તેમનામાં રહેલીઉર્જાને વિવિધસ્પર્ધાઓ થકી બહાર પ્રદર્શિત કરવાનો અવસર પ્રદાન કરે છે. યુવાઓનીઉર્જા અને તેમનામાં રહેલી આવડતને યોગ્ય મંચ આપીને વડાપ્રધાનશ્રીના વિકસીત ગુજરાતથી વિકસીત ભારતના સંકલ્પનેસાકાર કરવામાં સહભાગી બનીને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના સતત પ્રયાસરત છે તેમ તેમણે ઉમેર્યું હતુ. આરંભમાં શ્રી ગોવિંદ ગુરુ યુનિ.વર્સિટીના કુલપતિશ્રી પ્રતાપસિંહ ચૌહાણ દ્વારા મહાનુભાવો અને તમામનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. વધુમાં તેમણે યુનિવર્સિટી પરિસરમાં નવનિર્મિત વિવિધ ભવનો તેમજ ૩૦૦ પ્રેક્ષકોની ક્ષમતા અને સંપૂર્ણ વાતાનુકૂલિત વિશ્વ કક્ષાના ઈન્ડોર સ્ટેડિયમ તેમજ ગ્રીન બિલ્ડિંગના દરજ્જાથી પ્રમાણિત એવી યુનિવર્સિટીની ઉપલબ્ધિઓ વિશે વિચાર આપ્યો હતો. યુવક મહોત્સવના મુખ્ય સંયોજક પ્રો.સુરેન્દ્રસિંહ ગોહિલે યુવક મહોત્સવનુંઆયોજન અંગે કોર કમિટીનીરચના અને ભૂમિકા અંગે માહિતી આપી હતી. જે માં તેમણે આ યુવક મહોત્સવમાં કુલ ૨૮ સ્પર્ધાઓયોજાઈ રહીછે. જેમાં ૧૦૨ કોલેજોમાંથી કુલ ૧૫૬૪ વિદ્યાર્થીઓ ભાગ લઈરહ્યા છે તેમ જણાવ્યું હતું. આ સમારોહમાં મંચસ્થ મંત્રીશ્રી અને અન્ય મહાનુભાવોના હસ્તે યુવક મહોત્સવ પ્રસંગે પ્રકાશિત સ્મરણિકાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતુ.

તેમજ કાર્યક્રમના અંતે મંત્રીશ્રી અને મહાનુભાવોએ યુનિવર્સિટીને દ્વારા તરફથી મળેલ બે ઈ-રીક્ષાઓને ઝંડી બતાવીને લોકાર્પિત કરી હતી.જ્યારે કાર્યક્રમના અંતે કુલસચિવશ્રી અનિલભાઈ સોલંકીએ આભારવિધિ કરી હતી. આ સમારોહમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રેણુકાબેન ડાયરા, કુલસચિવશ્રી ડો. અનિલભાઈ સોલંકી, યુવક મહોત્સવના મુખ્ય સંયોજકશ્રી ડો સુરેન્દ્રસિંહ ગોહિલ, યુનિવર્સિટી અનસેલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડીસામાં ફૂડ વિભાગના મોડી રાત્રે દરોડા

કમલમ્,

બનાસકાંઠાના ડીસામાં જીઆઈડીસી વિસ્તારમાં ખાદ્ય તેલ અને ઘી નું પ્રોડક્શન કરતા ત્રણ એકમો પર ફૂડ વિભાગે દરોડા પાડયા છે. જ્યાંથી શંકાસ્પદ જણાતા ઘીઅને તેલના સેમ્પલ લઈ કેટલાક જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. દિવાળીના તહેવારો નજીક આવતા ફૂડવિભાગ દ્વારા સક્રિયતા દાખવી ખાદ્ય પદાર્થો બનાવતા એકમોની ઓચિંતિ તપાસ હાથ ધરાતા તાજેતરમાં જ ડીસામાં ૩૬ લાખની કિંમતનો શંકાસ્પદ માવો મળી આવ્યોહતોત્યારે ફૂડવિભાગ ડીસામાં તેલ અને ઘી બનાવતા એકમો પર પણ મોડી રાત્રે દરોડા પાડ્યા હતા. ડીસા જીઆઈડી વિસ્તારમાં આવેલી અમર ઈન્ડસ્ટ્રીઝ, તાશ્વી માર્કેટિંગ અને વેદાંતફૂડ પ્રોડક્ટ નામના યુનિટમા ગુરુવાર મોડી રાત્રે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. ત્રણેય એકમો તેલ અને ઘીબનાવતાહોવાથી મોટાપાયે ભેળસેળકરતા હોવાનું માલૂમ પડ્યું હતુ જેથી શંકાસ્પદ ઘી અને ખાદ્યતેલનોજથ્થો સીઝકર્યોછે.ફૂડ વિભાગે કુલ રૂપિયા ૨૮,૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સાથે સાથે ૧૦,૬૩૮ કિલો શંકાસ્પદ ઘી-તેલનો જથ્થો સીઝ કરાયો છે.સિઝ કરાયેલા જથ્થામાં

પરિવાર કાઉ પ્યોર ઘી, વેદાંત કાઉ ઘી નામની બ્રાન્ડના નમૂના લેવાયા છે.તહેવારો નજીકઆવતાની સાથે ફૂડ વિભાગ સક્રિય બન્યું છે.જેમાં ત્રણ અલગ-અલગ પેઢીઓ પર દરોડા પાડવામાંઆવ્યા છે.પરિવાર કાઉ પ્યોર ઘી અને પરિવાર પ્યોર ઘી ના નમૂના લેવામાં આવ્યા છે. ડીસા જીઆઈડીસી માં આવેલ અમર ઈન્ડસ્ટ્રીઝમાંથી રીફાઈન સોયાબીન ઓઈલનો જથ્થો સીઝ કરાયોછે.જિલ્લા ફૂડવિભાગ દ્વારા મોડીરાત સુધી તપાસ હાથ ધરાઈ હતી અને નમૂના લેવામાં આવ્યા છે જેથી અન્ય વેપારીઓમાં પણ ફફડાટ વ્યાપ્યો છે.

ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલે સૌને એક જ જગ્યા પરથી સરકારની વિવિધ યોજના અને કામગીરીનો લાભ લેવા જણાવ્યું

ધરમપુરના સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે પાલિકાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો, ૨૧૧૪ અરજીનો નિકાલ

સેવા સેતુમાં ૨૧૭૫ લોકોએ ઉપસ્થિત રહી વિવિધ યોજનાઓનો લાભ પણ મેળવ્યો

કમલમ્,વલસાડ

દરેક નાગરિકોને તેમના ઘર આંગણે જ સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ મળી રહે તેમાટે રાજ્ય સરકાર દ્વારા સેવાસેતુ કાર્યક્રમ યોજવામા આવીરહ્યા છે. જે અંતર્ગત વલસાડ જિલ્લા ની ધરમપુર પાલિકા દ્વારા ત્રણ દરવાજા પાસે આવેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલનીઅધ્યક્ષતામાં સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યોહતો. જેમાં કુલ ૨૧૧૪ અરજીનો નિકાલકરવામાં આવ્યો હતો. આસેવાસેતુ કાર્યક્રમમાંપ્રાપ્ટી ટેક્સ, આવક, જાતિ, ક્રિમિલેયર, ડોમીસાઈલ, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર, દિવ્યાંગ પ્રમાણપત્રને લગતાદાખલાઓ, રાશનકાર્ડને લગતી અરજીઓ, આધારકાર્ડ, પ્રધાનમંત્રી જન આરોગ્ય કાર્ડ, વિધવા સહાય, વૃધ્ધ નિરાધાર સહાય તેમજ રાજ્ય સરકારના કૃષિ, ખેતુતકલ્યાણ અને સહકાર વિભાગ, ગ્રામ વિકાસ, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિભાગ જેવા સરકારના જુદા જુદા ૧૨ વિભાગો દ્વારા નાગરિકોને મળતી ૫૫ જેટલી જાહેર યોજના હેઠળના લાભો સ્થળ ઉપર કાર્યવાહી કરીઆપવામાં આવ્યા હતા. આ સેવા સેતુ કાર્યક્રમમાં સાતબાર/આઠ અના પ્રમાણપત્રોની ૧૫૨૮ અરજી, જન્મ-મરણના પ્રમાણપત્ર ૧૧૮, જાતિ પ્રમાણપત્ર (સૌરાષ્ટ્રના જિલ્લાઓ સિવાય) ૧૧૩, રાશન કાર્ડમાં નામ દાખલ ૭૮, આધાર કાર્ડમાં સુધારા ૫૫, પ્રોપર્ટી ટેક્સ ૪૮, રાશન કાર્ડમાં નામ કમી ૩૭, હેલ્થ વેલનેસ કાર્ડ(ડાયાબીટીસ અને બી.પી.ની ચકાસણી) ૭૧, આવકનો દાખલો ૨૨, રાશન કાર્ડમાં સુધારો ૨૧, આધાર કાર્ડનું બેંકએકાઉન્ટસાથેજોડાણ૨૦,પી.એમ.જે.માં (અરજી) ૨૦, બસ કન્શેશન પાસ – સામાન્ય લોકો માટે ૭, વ્યવસાય વેરો ૪, ગુમાસ્તા ધારા ૨, મેડિકલ ઓફિસર દ્વારા ઉંમરનો દાખલો ૨, બસ કન્શેશન પાસ દિવ્યાંગોમાટે ૧, રાષ્ટ્રીય વૃધ્ધપેન્શન યોજના ૧, વિધવા સહાય ૧ અને વરિષ્ઠ નાગરિકના પ્રમાણપત્ર ૧ મળી કુલ ૨૧૧૪ અરજીનો સુખદ નિકાલકરવામાંઆવ્યોહતો. ધરમપુર પાલિકાના કુલ ૧ થી ૬ વોર્ડના કુલ ૨૧૭૫ લોકોએ ઉપસ્થિતરહી સેવાસેતુ કાર્યક્રમનો લાભ લીધો હતો. આ પ્રસંગે ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલે સેવાસેતુ કાર્યક્રમ યોજવાનો સરકારનો હેતુ સમજાવી વધુમાં વધુ લોકોને લાભ લેવા અપીલ કરી હતી. બાદમાં તમણે વિવિધ સરકારીવિભાગ દ્વારા ગોઠવવામાંઆવેલા ટેબલોનીમુલાકાત કરી લોકોને આપવામાં આવતી સુવિધા અંગે માહિતી મેળવી અરજી દ્વારા સાથે ચર્ચા કરી હતી. આકાર્યક્રમમાં ધરમપુર ખેતીવાડી બજારસમિતિના પ્રમુખજીવાભાઈ આહિર, ધરમપુર પાલિકાના ચીફ ઓફિસર વિજય ઠેટાલિયા, પાલિકાના માજી પ્રમુખ જયાસ્નાનન દેસાઈ અને જયદીપસાલ્વી, પાલિકાના માજી ઉપપ્રમુખ નરેશ પટેલ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

દિવાળી-૨૦૨૪ને ધ્યાને લઈને ગુજરાત એસ.ટી દ્વારા ૮,૩૪૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપોનો રાજ્યના અંદાજે ૩.૭૫ લાખ જેટલા મુસાફરોને લાભ મળશે

એસ.ટી નિગમ દૈનિક ૮,૦૦૦થી વધુ બસો થકી 33 લાખ કિલોમીટરનું સંચાલન કરી ૨૫ લાખથી વધુ મુસાફરોને સેવા આપે છે

સપ્ટેમ્બર મહિના કરતા ઓક્ટોબર મહિનામાં તહેવારોના પરિણામે દૈનિક એડવાન્સ બુકિંગમાં ૧૯%નો વધારો નોંધાયો

કમલમ્,

શહેરી તેમજ છેવાડાના નાગરીકો સુધીજાહેર પરિવહનની ઉત્તમ સુવિધા ગુજરાત રાજ્યના વાહન વ્યવહાર નિગમ દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનીદીર્ઘદ્રષ્ટિ અને મક્કમ નેતૃત્વના લીધે આજે ગુજરાતદરેક ક્ષેત્રેઅગ્રેસર રાજ્ય બન્યું છે. રાજ્યના મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ આજે ગુજરાત સરકાર માર્ગ પરિવહન ક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવી મુસાફરોની સુવિધામાં વધારો કરવાનો નિરંતર પ્રયાસ કરી રહી છે. આગામીદિવાળીના તહેવારોમાં ૮,૩૪૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપોનો રાજ્યના અંદાજે ૩.૭૫ લાખ જેટલા મુસાફરોને એસ.ટી.ની સલામત અને સમયબદ્ધ બસોની સેવાઓનો લાભ મળશે. દિવાળીના એક્સ્ટ્રા સંચાલનના આયોજનને, ખૂબ જ બહોળો પ્રતિસાદ મળીરહ્યોછે. ગત માસ કરતા હાલમાં તહેવારોના પરિણામે થઈ રહેલ દૈનિક એડવાન્સ બુકિંગમાં ૧૯%નો વધારો જોવા મળીરહ્યો છે.આ સમયગાળા દરમ્યાન નિગમ દ્વારા કરવામાં આવનાર એક્સ્ટ્રા, સંચાલન અન્વયેની સેવાઓનું નિગમની વિભાગીય કચેરીના ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ www.gsrtc.in ઉપરથી તમામ મુસાફરો એડવાન્સ અને કરંટ ઓનલાઈન બુકિંગનો લાભ મેળવી શકશે. એસ.ટીમાં મુસાફરી કરતા મુસાફરોને સંચાલન સંબંધિત પુછપરછ માટે નિગમના ટોલફ્રીને.

મુસાફરોને સંચાલન સંબંધિત પુછપરછ માટે ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૬૬૬૬૬ જાહેર કરાયો

૧૮૦૦-૨૩૩-૬૬૬૬૬૬ ઉપર ૨૪કલાક જાણકારીમેળવીશકશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના સૌરાષ્ટ્ર પ્રદેશ અને તેમાં પણ ખાસ કરીને ભાવનગર, અમરેલી, જૂનાગઢ અનેરાજકોટ જિલ્લાઓના રત્નકલાકારો સુરતમાં નોકરી/વ્યવસાય અર્થે સ્થાયીથયેલ છે, કે જેઓ દિવાળીના તહેવારમા માદરે વતન તરફ પ્રવાસ કરે છે. મોટી સંખ્યામાં પ્રવાસ કરતા સૌરાષ્ટ્રવાસીઓ તથા રાજ્ય ની અન્ય જેનતા માટે સુરતથી ખાસ એક્સ્ટ્રા બસોનું આયોજન હાથ ધરવામાંઆવ્યું છે.

નિગમના સુરત વિભાગ દ્વારા તા.૨૯ થીતા.૩૦ ઓક્ટોબર ૨૦૨૪ દરમ્યાનસૌરાષ્ટ્ર તરફના રત્નકલાકારો, પંચમહાલ, ઉત્તર ગુજરાત તથા મહારાષ્ટ્ર તરફના મુસાફરો માટે સુરત ખાતેથી વધારાની ૨,૨૦૦ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. નિગમના અન્ય વિભાગોદ્વારા પણ દિવાળીના સમય ગાળા દરમ્યાન એક્સ્ટ્રા સેવાઓનું રાજ્યના વિવિધ રૂટ ઉપર સંચાલન હાથ ધરવામાં આવશેતમ ગુજરાતરાજ્ય વાહન વ્યવહાર નિગમની યાદીમાં વધુમાં જણાવાયું છે.

પાકિસ્તાનથી સ્થળાંતરિત થઈ મોરબીને વતન બનાવનાર ૧૪ વ્યક્તિઓ બન્યા ભારતના કાયમી નાગરિક

ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયા, જીતુભાઈ સોમાણી,કલેક્ટરશ્રી કે.બી. ઝવેરીની ઉપસ્થિતિમાં નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરાયા

કમલમ્,મોરબી,

મોરબીજિલ્લા કલેક્ટરશ્રી કે.બી. ઝવેરી અને ધારાસભ્યશ્રી દુર્લભ જીભાઈ દેથરીયા તથા જીતુભાઈ સોમાણીની ઉપસ્થિતિમાં પાકિસ્તાનથી સ્થળાંતરિત થઈ મોરબી સ્થાયી થયેલા ૧૩ વ્યક્તિઓને ભારતીય નાગરિકતા અધિનિયમ-૧૯૫૫ અને નિયમો-૨૦૦૯ અંતર્ગત ભારતના નાગરિક તરીકેના પ્રમાણપત્ર અનાયત કરવામાં આવ્યા હતા. પાકિસ્તાનના અનેક પરિવારો વખતો વખત વિવિધ કારણોસર પાકિસ્તાનથી હિજરત કરી ભારતના વિવિધ પ્રાંતમાં સ્થાયી થયેલા છે,એમાંનું એકમોરબી પણ છે,જ્યાં અનેક સ્થળાંતરીત આશ્રય લઈ રહ્યા છે. મોર બીમાં પાકિસ્તાનથી સ્થળાંતરિત થઈને આવેલા અનેક પરિવારો દૂધમાં સાકાર ની જેમ ભળી ગયા છે. જિલ્લા કલેક્ટર શ્રીતેમજ ચીવટદી તંત્રદ્વારા આપરિવારોને નાગરિકતા મળી જાય તે માટે સતત પ્રયત્નો કરવામાંઆવે છે.ત્યારે આજરોજ કલેક્ટર કચેરીખાતે યોજાયેલા કાર્યક્રમ દુર્લભજીભાઈ દેથરીયા તથા જીતુભાઈ સોમાણી, કલેક્ટરશ્રી કે.બી. ઝવેરી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી જે.એસ. પ્રજાપતિ, જિલ્લા પોલીસઅધિક્ષકશ્રી રાહુલ ત્રિપાઠી, નિવાસીઅધિક કલેક્ટરશ્રી એસ.જે. ખાચર સહિત મહાનુભાવોના હસ્તે ૧૪ વ્યક્તિઓને ભારતના નાગરિક તરીકેના પ્રમાણ પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સ્થળાંતરિત વ્યક્તિઓની નાગરિકતાની અરજીઓ ઝડપથી મંજૂર થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઝડપી કામગીરી કરવામાં આવી રહી છે. આવી નાગરિકતાની અરજીઓની પૂરતીચકાસણી કરી યોગ્ય પ્રક્રિયા હાથ ધરી નાગરિકતા આપવામાં આવી રહી છે. ખૂબ ઝડપી કામગીરી કરીને સ્થળાંતરિત થયેલી વ્યક્તિઓને નાગરિકતા આપવામાં આવીરહી છે. ત્યારે જે ૧૪ લોકો ભારતના કાયમી નાગરિકો બની ગયા છે તેમના ચહેરા પર ખુશીની લાગણી પ્રસરી ગઈ હતી. બોક્સ આઈટમ : ભારતની નાગરિકતા મળતા

પ્રાઉડ ટુ બી ઇન્ડિયન – લાગણીશીલ થઈ ભારતીય બનવાનો ગર્વ અનુભવતા સ્થળાંતરિત નાગરિકો

લાગણીશીલ બની સ્થળાંતરિતોએ આપ્યા પ્રતિભાવ પાકિસ્તાનીના મીઠીથી સ્થળાંતરિત થઈ મોરબી આવેલા શોભરાજસિંહ સોઢાએ જણાવ્યું હતું કે, ૨૦૧૩ માં અમે પાકિસ્તાનથી સ્થળાંતરિત થઈ મોરબીનાનાની વાવડીખાતેસ્થાયી થયાછીએ.

અમને સરળતાથી નાગરિકતા મળી ગઈ છે તે માટે અમે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રીશ્રી અમિત શાહ, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા વર્તમાન સરકારનો આભાર વ્યક્ત કરીએ છીએ. વિનીતાબેન લાગણીસભર થઈજણાવે છેકે, હું ૨૦૧૭માં પાકિસ્તાનના કરાચીથી સ્થળાંતરિત થઈ ભારતમાં દેશમાં સરળતાથી નાગરિકતા આપવા બદલ હું વર્તમાન સરકાર તથા મોરબીજિલ્લા કલેક્ટરશ્રીકે.બી. ઝવેરી સહિત સમગ્ર વહીવટી તંત્રનોઆભાર વ્યક્તકરું છું.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Capital Offset 801/1, G.I.D.C., Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanisha Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028